હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ લોકોનું તો સરકારે સાંભળ્યું...!!

શહેરમાં માર્ગ વચાળે વાહન મુકતા માલિકો સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાહન પાર્કિંગની સમસ્યા વકરી છે. શહેરમાં ઘરે ઘરે વાહનો વધી જતા આ સમસ્યા સર્જાઈ છે. ત્યારે શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ પાર્ક કરતા કે મુકીને જતા રહેવા ટુ-વ્હીલર કે ફોર વ્હીલર વાહન માલિકો સામે ટ્રાફિક પોલીસે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. ટ્રાફિક પોલીસે રસ્તાઓ પર ગમે ત્યાં પાર્ક કરતા વાહન માલિકો પાસેથી અંદાજીત ૧૦ હજાર જેટલો દંડ વસુલવામાં આવ્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં વાહન પાર્કિંગના અભાવને પગલે ટ્રાફિકની સમસ્યા વકરી છે. વાહન માલિકો માર્ગ વચાળે ગમે ત્યાં વાહનો પાર્ક કરી દેતા હોય છે. જેથી અન્ય વાહન ચાલકને અગવડતા પડે છે. ત્યારે ટ્રાફિક પોલીસે નડતરૂપ વાહન માલિકો સામે લાલ આંખ કરી છે. શહેરના સેકટર-૨૧, સેકટર-૨૧, ૭, ૧૧, ઘ-૪ થી ઘ-૫, ઘ-૨, ૧૭-૨૨ સુધી સહિત ન્યું ગાંધીનગરમાં સરગાસણ, કુડાસણ, રીલાયન્સ ચોકડી સહિતના વિસ્તારોમાં આડેધડ વાહનનો ખડકલો જોવા મળે છે. ત્યારે ટ્રાફિક પોલીસે ખાસ ઝુંબેશ હાથ ધરી છે. આડેધડ વાહન પાર્ક કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તે ઉપરાંત ટ્રાફિક ને નડતરરૂપ વાહન પાર્ક કર્યું હોય તો તેને ડીટેઈન સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે ટ્રાફિક પોલીસની કામગીરીને પગલે વાહનમાલિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા વાહન યોગ્ય જગ્યાએ પાર્ક કરવા અંગે અનેકવાર કહેવા છતા વાહન માલિકો ગમે તેમ વાહનો મુકતા ટ્રાફિક ની સમસ્યા સર્જાય છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા અત્યાર સુધીમાં અંદાજીત ૧૦ હજાર જેટલી દંડની રકમ વસુલાત કરાઈ છે.

ખૂણેખાંચરેથી

- જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં એક પણ ધારાસભ્ય હાજર ન રહેતાં બેઠક ૨૦ મિનિટમાં પૂર્ણ થઈ ગઈ હતી.
- ગાંધીનગર મનપાને સ્વચ્છતા સર્વેક્ષણમાં ત્રણ એવોર્ડ અપાતાં મનપાની કચેરીમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં ત્રણ દિવસ લગ્નરાથી ભરપૂર હોવાથી કર્મચારીઓની કચેરીમાં હાજરી ઓછી જોવા મળી હતી.
- ડુંગરી ગરાસિયા સેવા સમાજની રવિવારે બપોરે ૧૨ વાગે નગરપાલિકા ભવન સે. ૧૧ ખાતે બેઠક મળશે.
- અખિલ ભારતીય નાગર પરિષદ દ્વારા યોજાનાર ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે ટીમની આજે રામકથા મેદાન ખાતે પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.
- ૧૬ થી ૧૯ દરમ્યાન અખિલ ભારતીય વિધાનસભા મંડળોના પ્રમુખ અધિકારીઓની પરિષદમાં વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્યએ હાજરી આપી હતી. સિમલા ખાતે આ પરિષદ યોજાઈ હતી.
- કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામેલા વ્યકતીના વારસદારને ઓર.ડી.આર.એફ. માંથી સહાય ચુકવવામાં આવશે. આ અંગેની અરજીનો નમૂનો રાજ્યના મહેસુલ વિભાગે આજે કરેલા પરિપત્ર સાથે જારી કર્યો છે.
- આજે શહેર ભાજપની મળેલ કારોબારીમાં રાજ્ય ગૃહમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી તથા પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલે ખાસ હાજરી આપી હતી.
- શ્યામજી કૃષ્ણ વર્મા પાર્ક, પરિમલ એપાર્ટમેન્ટ સામે સે. ૭ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત રાત્રે ૯ થી ૧૦ દરમ્યાન શૌર્યગીત દેશભક્તિના ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૧૬ આઈનોક્સ મલ્ટીપ્લેક્ષ સિનેમામાં તોલ-માપ વિભાગના દરોડા

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરમાં સેકટર-૧૬ સ્થિત આઈનોકસ મલ્ટીપ્લેક્ષ સિનેમા ખાતે તોલમાપ વિભાગ તંત્ર દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.જેમાં મલ્ટીપ્લેક્ષ દ્વારા વેચાણ કરવામાં આવતી ફાસ્ટફુડની ચીજવસ્તુઓ અને ઠંડા પીણાનું વજન-માપ નહી દર્શાવવામાં આવતા નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને નિયામક તંત્ર દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં પણ તંત્ર દ્વારા તોલ માપ વિના ગ્રાહકોને ચીજવસ્તુઓ આપતા એકમો સામે કાર્યવાહી કરવામાં આવશે.

મળતી વિગત મુજબ શહેરના મલ્ટીપ્લેક્ષ થિયેટરોમાં સામાન્ય દિવસોમાં પિકચર જોવા જતા નાગરીકો પાસેથી ઠંડા પીણા અને ખાદ્યચીજવસ્તુઓના બેફામ રૂપીયા વસુલવામાં આવતા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામે છે. થિયેટરોમાં મળતી દરેક ચીજવસ્તુઓની તગડી કિંમત વસુલાય છે. ગ્રાહકોના ખીસ્સા ખંખેરવામાં આવે છે. તંત્ર દ્વારા સમયાંતરે નિયમ મુજબ તપાસ થવી જોઈએ, પરંતુ તપાસ થતી ન હોવાથી વેપારીઓને ખુલ્લો દોર મળી જાય છે. દરેક ચીજવસ્તુની ત્રણ થી ચાર ગણી કિંમત વસુલાય છે. ત્યારે આજે તંત્ર દ્વારા સેકટર-૧૬ આઈનોકસ મ્લટીપ્લેક્ષ થિયેટરમાં મલ્ટીપ્લેક્ષ દ્વારા વેચાણ કરવામાં આવતી ખાદ્ય ચીજવસ્તુઓ તેમજ ઠંડાપીણામાં માપ કે તોલ નહી દર્શાવવામાં આવતા તોલમાપ વિભાગ દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં પણ તોલ માપ તંત્ર દ્વારા કાર્યવાહી કાર્યરત રહેશે. શહેરમાં તોલ માપ દર્શાવ્યા વિના ચીજવસ્તુઓ આપતા અને વધુ રૂપીયા ખંખેરતા વેપારીઓ સામે ગમે તે સમયે તવાઈ આવે તો નવાઈ નહી..

દેવદિવાળીના અવસરે ફૂલોના ગરબાનું અનેરૂ મહાત્મ્ય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ફૂલોના ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવે છે. સમગ્ર ગામના ગ્રામજનો ફૂલોના ગરબા લઈ રંગેચંગે ગરબે ઘુમે છે. સર્કિટહાઉસ પાછળ આવેલા બાસણ ગામમાં કાળી ચૌદશના દિવસે મહાકાળી માતાના ફૂલોના ગરબાનું સ્થાપન કરવામાં આવે છે. દેવ દિવાળીના દિવાળી ગરબાને વળાવવામાં આવે છે ત્યારે આખુ ગામ હિલોળે ચઢે છે. સમગ્ર ગામમાં રોશની કરી આ અવસરની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.

ડૉ. મુકેશ જોષીના દ્વિતીય ગઝલસંગ્રહ 'કેડી તૃપ્તિની' પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકારના જાણીતા ઈજનેર અને ગઝલકાર ડૉ. મુકેશ જોષીના દ્વિતીય ગઝલસંગ્રહ 'કેડી તૃપ્તિનું' વિમોચન તા.૧૯ નવેમ્બર ૨૦૨૧ ને શુક્રવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે અમદાવાદ મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહમાં કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર શ્રી ભાગ્યેશ જહા, કવિ અને વિવેચક શ્રી યોસેફ મેકવાન, ગઝલકાર ડૉ. એસ.એસ.રાહી તેમજ ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ' અને કવિશ્રી કૃષ્ણ દવે તથા અને અનેક અગ્રગણ્ય નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ અને ઉદ્દઘોષક શ્રી હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું અને સ્વરોત્સવ જાણીતા ગાયક કલાકાર માયા દીપક દ્વારા સુંદર રીતે રજુ થયેલ. આ કાર્યક્રમમાં અધિક મુખ્યસચિવ ડૉ રાજીવકુમાર ગુપ્તા વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા, અને શુભેચ્છા પાઠવી હતી.

મંચસ્થ મહાનુભાવો અને ગઝલ નિષ્ણાંતોએ ડૉ. મુકેશ જોષીની રચનાઓમાં પ્રગટ થતી ગઝલિયત અને ખાસ કરીને બોલચાલની ભાષા વાળા રદીફના પ્રયોગોની પ્રસંશા કરી આ ગઝલ સંગ્રહને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ 'કેડી તૃપ્તિની' ગઝલ સંગ્રહમાં કુલ ૧૧૧ ગઝલોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પુસ્તકનું પ્રકાશન સુપ્રસિધ્ધ 'રન્નાદે પ્રકાશન' દ્વારા કરવામાં આવેલ છે અને આ પુસ્તકની પ્રસ્તાવના શ્રી યોસેફ મેકવાન, ડૉ. એસ.એસ. રાહી તથા મુસાફીર પાલનપુરી દ્વારા લખવામાં આવી છે. આ ગઝલ સંગ્રહના સર્જક ડૉ. મુકેશ જોષી સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ ગાંધીનગર ખાતે મુખ્ય જનરલ મેનેજર (ટેકનિકલ એન્ડ કો-ઓર્ડીનેશન) તરીકે ફરજ બજાવે છે. તેઓ ઈજનેરી ક્ષેત્રે ૩૭ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે અને તેમના જળવ્યવસ્થાપન અંગે ૮૫ જેટલા સંશોધન પત્રો પ્રકાશિત થયેલ છે.

'કેડી તૃપ્તિની' સંગ્રહમાં પ્રકાશિત ગઝલોમાં રહેલી ગઝલિયત અને રદ્દિફના નાવિન્યની તમામ નિષ્ણાતોએ પ્રસંશા કરી હતી. અગાઉ વર્ષ ૨૦૧૫માં પ્રકાશિત થયેલ તેમના પ્રથમ ગઝલસંગ્રહ 'ક્ષણોની મહેફીલ'ને પણ ભાવકોનો સુંદર પ્રતિભાવ સાંપડ્યો હતો.

હનીટ્રેપ પ્રકરણમાં ચોથો આરોપી ઝડપાયો

અમદાવાદના વેપારીને વાવોલ ખાતે બોલાવી ઘરમાં ગોંધી રાખીને રૂ. ૫ લાખની માંગ કરી હતી. વેપારી પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રકમ પણ પડાવી લીધી હતી. ત્યારે હનીટ્રેપ પ્રકરણમાં પોલીસે હિના, અરવિંદસિંગ અને પપ્પુને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે ચોથા આરોપી દિનેશકુમાર દેવારામ મેઘવાલને પોલીસે રાજસ્થાનથી પકડી પાડી આગળની તપાસ શરૂ કરી છે.

અમદાવાદ વેજલપુર વિસ્તારમાં ડેરી પાર્લર ચલાવતા વેપારીને હિનાએ વાવોલ સ્વર્ણિમ પેરેડાઈઝ મકાન ખાતે મળવા માટે બોલાવ્યો હતો. પ્રેમભરી વાતો બાદ છુટા પડ્યા પછી મહેન્દ્ર ફરીવાર હિનાએ મળવા બોલાવતા વાવોલ ખાતે આવી પહોંચ્યો હતો. હિના સાથે ઘરમાં ગયા બાદ થોડીવારમાં અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા. તેઓએ વેપારીના ખિસ્સામાંથી મોબાઈલ અને રોકડા રૂપિયા સહિત કારની ચાવી પડાવી લીધી હતી. ત્યારબાદ હિના સાથે જબરજસ્તી કરી હોવાનું કહી કેસ કરવાની ધમકી આપી હાથ બાંધી રૂમમાં પુરી દીધો હતો. જ્યારે કેસથી બચવા માટે રૂ. ૫ લાખની માંગ કરી હતી. ખંડણીની રકમ ન મળતા વેપારીને ગોંધી રાખ્યો હતો. આ હનીટ્રેપ પ્રકરણમાં પોલીસે રાજસ્થાનથી હિના પ્રહલાદ રાણાવત, અરવિંદસિંગ રાવ અને પપ્પુ નામના વ્યક્તિને પકડી પાડ્યા હતા. જ્યારે દિનેશ નામનો વ્યક્તિ પોલીસ પકડથી દૂર હતો.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લક્ઝરી બસમાંથી દેશી તમંચો અને પાંચ જીવતા કારતુસ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૦

ચિલોડા-હિંમતનગર હાઈવે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહનચેકીંગ દરમિયાન લક્ઝરી બસમાંથી યુવાન કુદકો મારી ભાગી ગયો હતો. ત્યારે પોલીસે યુવાનનો સામાન ચેક કરતા એક દેશી તમંચો અને પાંચ જીવતા કારતુસ, મોબાઈલ ફોન, આધારકાર્ડ સહિતના કાગળો મળી આવ્યા છે. પોલીસે ઉત્તરપ્રદેશના રીંકુ યાદવ નામના શખ્સ સામે આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈવે પર લક્ઝરી બસો દોડાદોડી કરતી હોય છે. ત્યારે લક્ઝરી બસમાંથી મુસાફરો દારૂની બોટલો સાથે પણ ઝડપાય છે. ગતરોજ રાત્રીના સમયે ચિલોડા પોલીસ મથકના જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા તે દરમિયાન હિંમતનગર તરફથી મારૂતિ કૃપા ટ્રાવેલ્સની લક્ઝરી બસો ઉભી રાખવામાં આવી હતી.

પોલીસ જવાનોએ લક્ઝરી બસના ડ્રાઈવર-કંડક્ટરને સાથે રાખી સામાન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે સીટો-૧૭-૧૮ની બારીમાંથી મુસાફર કુદીને રાત્રીના અંધારામાં દોટ મુકી હતી. મુસાફર બારીમાંથી કુદતા પોલીસ પણ બસમાંથી નીચે ઉતરી મુસાફરની પાછળ દોડી હતી. પરંતુ રાત્રીના અંધારામાં પોલીસને હાથતાળી આપી યુવક નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસ પરત આવીને તેના સામાનની તલાસી લેતા તેમાંથી એક દેશી બનાવટનો તમંચો અને પાંચ જીવતા કારતુસ મળી આવ્યા હતા. તે ઉપરાંત આધારકાર્ડ અને જરૂરી દસ્તાવેજ મળી આવ્યા હતા. જ્યારે યુવકનું નામ રીંકુ બ્રિજરાજસિંઘ યાદવ (રહે. બિતોર, જી. ઈટવા, યુ.પી.) હોવાનું પોલીસને ધ્યાને આવ્યું છે. પોલીસે લક્ઝરી બસના ડ્રાયવર-કંડક્ટરને આ અંગે પુછપરછ કરતા મુસાફર ફઝલગંજ ચોરાયા કાનપુર ઉત્તરપ્રદેશથી લક્ઝરી બસમાં બેઠો હતો. અને અમદાવાદ મેમકો ખાતે ઉતરવાનો હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે રીંકુ યાદવ સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જેસલ કારિયાની અણનમ સદી સાથે લાયન્સ સામે સમર્પણની જીત

જીએમએલ ટૂર્નામેન્ટમાં સમર્પણ ક્રિકેટ એકેડેમીની ટીમે લાયન્સ ક્રિકેટ એકેડેમીને ૮ વિકેટે હાર આપી : જેસલ કારિયા મેન ઓફ ધ મેચ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૮માં સમર્પણ ગાઉન્ડ ખાતે રમાઈ રહેલી જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે સમર્પણ એકેડેમી તથા લાયન્સ એકેડેમીની ટીમ ટકરાઈ હતી જેમાં સમર્પણ એકેડેમીએ ટોસ જીતીને ફિલ્ડિંગ લેતા લાયન્સ એકેડેમીની ટીમને ૩૯.૧ ઓવરમાં ૧૫૫ના સ્કોરે તંબુ ભેગી કરી દીધી હતી. જવાબમાં સમર્પણ વતી જેસલ કારિયાએ અણનમ સદી ફટકારતાં ૧૦૭ રન કરી ટીમને ભવ્ય જીત અપાવવા સાથે મેન ઓફ ધ મેચનો ખિતાબ પણ પ્રાપ્ત કર્યો હતો.

જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શનિવારે રમાયેલી મેચમાં લાયન્સની ટીમે પહેલા બેટિંગ કરતાં ધ્રુવ બારોટની અડધી સદી સાથેના ૫૫ રનની મદદથી ૩૯.૧ ઓવરમાં ૧૫૫નો સ્કોર કર્યો હતો. સમર્પણના મંથન ઉપાધ્યાયે ૪૮ રનમાં ૩ અને રિતિકસિંહ કથિરિયાએ ૨૦ રનમાં ૨ વિકેટ ઝડપી હતી. લાયન્સના ૧૫૫ રનના જવાબમાં જેસલ કારિયાના અણનમ ૧૦૭ રન અને રિતિકસિંહ કથિરિયાના અણનમ ૩૬ રનની મદદથી સમર્પણની ટીમે માત્ર ૨૭.૩ ઓવરમાં ૧૫૮ રન કરી ૮ વિકેટે ભવ્ય જીત હાંસલ કરી હતી.

કેએસવીની સાયન્સ કોલેજમાં સ્ટાર્ટઅપ અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એમ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ખાતે બીએસસી અને એમએસસીના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ''સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઓફ ગુજરાત ગર્વમેન્ટ'' વિષયે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વક્તા પ્રો. કૃપા મહેતાએ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપની જરૂરિયાત તથા એસએસઆઈપી અને એસવીઆઈએફના ઉદ્દેશોથી માહિતગાર કર્યા હતા. તેમણે યુનિવર્સિટી દ્વારા ચલાવાતા સ્ટાર્ટઅપ માટેના ટ્રેનિંગ અને સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંગે પણ જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયાં હતા તેમજ કોલેજના ઉપ આચાર્ય ડૉ. ચેતન સંઘાણી સહિત વિભાગીય વડા ડૉ. હેમંત પટેલ અને અન્ય અધ્યાપકો પણ જોડાયાં હતા. કાર્યક્રમનું સંચાલન પ્રો. યામીની પટેલ અને ડૉ. સબીના ખાને કર્યુ હતુ.

સંકુલ સાદરામાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પુસ્તક પ્રદર્શન દ્વારા સપ્તાહની ઉજવણી થઈ હતી. મધ્યસ્થ ગ્રંથાલય સાદરા દ્વારા સંદર્ભ ગ્રંથોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં જુદા જુદા સંદર્ભ ગ્રંથો જેવા કે ભગવતટ્રોમંડળ, ગુજરાતી વિશ્વકોશ, ગેઝેટિયર ઓફ ઈન્ડિયા-ગુજરાત સ્ટેટ, સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૦૧ વગેરે જેવા પુસ્તકો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ત્રણેય ભાષામાં ગોઠવ્યા હતા. જેનો લાભ સંકુલના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ લીધો હતો. આ પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે, કિશન પંચાલ, જતીન સોલંકી અને મેહુલ રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચંદ્રગ્રહણ સાથે મૂન ફોટોગ્રાફીનો વર્કશોપ માણતા ખગોળ ફોટોગ્રાફીના શોખીનો

આ વર્ષે કાર્તિક પુર્ણિમાનું ધાર્મિક મહત્વ હોવા સાથોસાથ વૈજ્ઞાનિક મહત્વ પણ હતું કેમકે ગઈ કાલે ૫૮૦ વર્ષનું સૌથી લાંબુ આંશિક ચંદ્રગ્રહણ સર્જાયુ હતું. આ ગ્રહણ બપોરે ૧૨.૪૮ કલાકે શરૂ થયું હતું અને ૨.૩૨એ તેની સૌથી વધુ અસર જણાયા બાદ તે ૪.૧૭ કલાકે પૂરું થયું હતું. ભારતમાં આ ગ્રહણ ખૂબ જ થોડા સમય માટે ભારતમાં ઉત્તર પૂર્વીય ભાગોમાં અરુણાચલ પ્રદેશ અને આસામના કેટલાક વિસ્તારોમાં જોઈ શકાયું હતું. જોકે આ સાથે ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ પરની ગુજરાત સાયન્સ સિટી ખાતે બે દિવસીય મૂન ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખગોળ ફોટોગ્રાફીના શોખીનોએ મૂન ફોટોગ્રાફીનો આનંદ માણ્યો હતો.

ગુજરાત સાયન્સ સિટી અને ગુજકોસ્ટ દ્વારા તા.૧૮ અને ૧૯ નવેમ્બરના દરમ્યાન સાંજે ૪ થી ૮ કલાક દરમિયાન સાયન્સ સિટીના એમ્ફિથિયેટર ખાતે ખાસ મૂન ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. મુન ફોટોગ્રાફી એક અદભૂત કળા છે. આ ખાસ વર્કશોપમાં વિવિધ સાધનો અને ટેક્નિક દ્વારા ચંદ્રના વિવિધ ફોટાઓ પાડવાની રીત, વિવિધ લેન્સ અને સાધનો દ્વારા મૂન ફોટોગ્રાફી કરવાની વિવિધ ટેક્નિક શીખવવામાં આવી હતી જેમકે વાઈડ એંગલ ફોટોગ્રાફી, ફૂલ ડિસ્ક ફોટોગ્રાફી, કંજકશન લુનર ફોટોગ્રાફી, ક્લોઝ અપ લુનર ફોટોગ્રાફી, બાર્લો લેંસિસ દ્વારા ફોટોગ્રાફી, મોબાઈલ, ટેલિસ્કોપ, ડિએસએલઆર, ટેલિસ્કોપ જેવા વિવિધ સાધનો દ્વારા ફોટોગ્રાફી વગેરે દર્શાવવામાં આવ્યાં હતાં. નિષ્ણાંતો દ્વારા ક્યારે અને કેવી રીતે મૂનનો ફોટો પડવો અને એડિટિંગ કેવી રીતે કરવું તેની સમજણ આપવામાં આવી હતી. આ સાથે પ્રશ્નોતરી સેશનમાં પાર્ટિસિપેન્ટ્સ તેમના પ્રશ્નોનું સમાધાન કરાયું હતું. આ બે દિવસીય આ વર્કશોપમાં મોટી સંખ્યામાં ખગોળ ફોટોગ્રાફીના શોખીન ઉત્સાહીઓ જોડાયા હતા અને વિવિધ સાધનો દ્વારા મૂન ફોટોગ્રાફીની વિવિધ ટેક્નિક શીખ્યાં હતા.

ગુજરાત સમર્પણ આશ્રમ, મહુડી ખાતે યજ્ઞશાળાનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૦

ભારતીય સંસ્કૃતિમાં યજ્ઞનું ઘણું મહત્વ છે. પ્રાચીન સંસ્કૃતિમાં ઋષિમુનિઓ આશ્રમમાં પણ નિયમિત યજ્ઞ કરતા હતા. એવા ઉલ્લેખ વિવિધ શાસ્ત્રોમાં મળે છે. વર્તમાન સમયમાં પણ શુભ કાર્યમાં યજ્ઞ કરીને આસપાસના વાતાવરણની શુદ્ધિ કરવામાં આવે છે. સમર્પણ સંસ્કારના પ્રણેતા મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીજી દ્વારા સ્થાપિત પ્રત્યેક આશ્રમમાં નિયમિત સવાર અને સાંજના સમયે વિશ્વશાંતિ તથા ચિત્તશુદ્ધિ માટે નિયમિત હવન કરવામાં આવે છે. ગુરૂપૂર્ણિમા તેમજ ચૈતન્ય મહોત્સવ પ્રસંગે સામુહિક યજ્ઞનું આયોજન થતુ જ હોય છે. યજ્ઞના કારણે વાતાવરણ શુદ્ધિની સાથે સાથે ચિત્તશુદ્ધિ પણ થાય છે જે ધ્યાન સાધનામાં ખૂબ જ સહાયક બને છે.

અમદાવાદ જિલ્લા પંચાયત
સિંચાઈ વિભાગ
ઓનલાઈન જાહેર નિવિદા નં.૫/૨૦૨૧-૨૦૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૬૮૬ની કચેરી મારફતે ઓનલાઈન ઈ-ટેન્ડરીંગથી ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ મજુર કામદાર સહકારી મંડળીઓ પાસેથી ગાંધીનગર જિલ્લાના કુલ-૧૨ કામોના ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરીંગની વિગતો અત્રેની કચેરીએથી તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર તા. ૧૮/૧૨/૨૦૨૧ સુધી જોવા મળશે તથા ઓનલાઈન ટેન્ડર http://www.nwr.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઈ શકશે. ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૧૮/૨૦૨૧

ભવન્સ કોલેજ ખાતે કાજલ ઓઝા વૈદ્યનો વક્તૃત્વ કલા પર વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૦

ભવન્સ કોલેજ ખાતે જાણીતા લેખિકા અને વક્તા કાજલ ઓઝા વૈદ્યનો વક્તૃત્વ કલા પર વર્કશોપ આયોજિત છે. જે શનિવાર અને રવિવારના રોજ કોલેજ કેમ્પસ ખાતે આયોજિત કરેલ છે.

આ વર્કશોપની ફી રૂ. ૨,૯૯૯ રાખેલ છે. જેઓ આત્મવિશ્વાસ વધારવા માંગતા હોય, નોકરી-ધંધામાં વેચાણ વધારવા ઈચ્છતા હોય, ટેલિવિઝન કે અન્ય ડિબેટ્સમાં ભાગ લેતા હોય, નેટવર્કિંગમાં સફળ થવા માંગતા હોય તેમના માટે આ વર્કશોપ ઉપયોગી બની રહેશે. આ વર્કશોપ વિશેની વધુ માહિતી માટે ૯૪૨૬૩૩૨૪૪૩ નંબર પર સંપર્ક કરવા જણાવ્યું છે.

જોઈએ છે ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
તાત્કાલિક મિલકતની માપણી માટે અનુભવી / બિનઅનુભવી છોકરાઓ / છોકરીઓ જોઈએ છે.
મો. ૭૦૧૬૩૮૭૭૭૦
મો. ૯૯૭૮૬૩૨૯૯૨